દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬

હવે અવકાશમાં શસ્ત્રો ગોઠવવાની હરિફાઈ શરૂ થશે?

અમેરિકાએ પ્રથમ વખત જાહેરમાં સ્વીકાર્યું છે કે તેણે અવકાશમાં એક શસ્ત્ર તૈનાત કર્યું છે. જો કે કયા પ્રકારનું શસ્ત્ર અવકાશમાં ગોઠવવામાં આવ્યું છે તે ફોડ તેણે તરત પાડ્યો નથી પરંતુ તેની આ જાહેરાત સાથે સ્વાભાવિક રીતે એ ચિંતાઓને વેગ મળે છે કે હવે અવકાશ પણ યુદ્ધ ભૂમિમાં ફેરવાઈ જશે કે શું? અમેરિકાની આ જાહેરાત દર્શાવે છે કે યુદ્ધો લડવાની પધ્ધતિમાં મોટો ફેરફાર આવી શકે છે, અને પૃથ્વી નજીકનું, ઉપગ્રહો અને યાનોથી વધુ ને વધુ ભીડભર્યું બનતું અવકાશી ક્ષેત્ર સક્રિય યુદ્ધના મેદાનમાં ફેરવાઈ શકે છે.

યુએસ એરફોર્સના સેક્રેટરી ટ્રોય મેઈન્કે હાલમાં આયોજિત એર, સ્પેસ એન્ડ સાયબર કોન્ફરન્સમાં બોલતા એ વાતની પુષ્ટિ કરી હતી કે અંતરિક્ષમાં ભ્રમણકક્ષામાં અમેરિકાનું એક શસ્ત્ર ગોઠવી દેવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકી દળોને શત્રુઓના હુમલાઓ સામે રક્ષણ આપવા અને વિકસતા ખતરાઓનો જવાબ આપવા માટે આ ક્ષમતા જરૂરી હતી. જો કે, તેમણે આ શસ્ત્ર શું કામ કરે છે, તેને ક્યારે લોન્ચ કરવામાં આવ્યું હતું અથવા તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે તે અંગે કોઈ ખુલાસો કર્યો ન હતો. ઉપગ્રહો આધુનિક સૈન્ય માટે અનિવાર્ય બની ગયા છે. ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) નેવિગેશન, સુરક્ષિત સંદેશાવ્યવહાર, મિસાઈલ ચેતવણી સિસ્ટમ્સ, યુદ્ધક્ષેત્રની દેખરેખ અને ગુપ્ત માહિતી એકત્ર કરવા જેવા તમામ કાર્યો પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહો પર ખૂબ આધાર રાખે છે. આ ઉપગ્રહોને નષ્ટ કરીને અથવા અક્ષમ કરીને દુશ્મન દેશ સંભવિતપણે સમગ્ર લશ્કરી કામગીરીને અંધારી, ખોરવી અથવા ધીમી પાડી શકે છે. આ જ કારણ છે કે અમેરિકા, ચીન અને રશિયાએ 'કાઉન્ટરસ્પેસ' ક્ષમતાઓમાં વધુને વધુ રોકાણ કર્યું છે. આ એવી ટેક્નોલોજી છે જે બીજા દેશની અવકાશી અસ્કયામતોમાં હસ્તક્ષેપ કરવા અથવા તેના પર હુમલો કરવા માટે બનાવવામાં આવી છે. પરંતુ વધુ મોટો ભય તો એ છે કે વિવિધ દેશો એકબીજા પર હુમલો કરવા માટે અવકાશમાં શસ્ત્રો ગોઠવવાનું શરૂ કરી દે. અમેરિકાના બહુચર્ચિત ભૂતપૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગને ૧૯૮૩માં સ્ટાર વોર્સના નામે ઓળખાતી યોજના રજૂ કરી હતી, જેમાં અવકાશમાં ઉપગ્રહો પર મિસાઈલો ગોઠવવાની વાત હતી. જો કે તેમની આ યોજના બહુ આગળ વધી નહીં. ત્યારબાદ પણ અવકાશી યુદ્ધની કલ્પનાઓ થતી રહી છે. હવે હાલ 2019માં સ્થાપિત યુએસ સ્પેસ ફોરસે તેના મિશનને માત્ર અમેરિકી ઉપગ્રહોના રક્ષણ સુધી સીમિત રાખવાને બદલે તેનાથી આગળ વધારી દીધું છે. તેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સ્પેસ કંટ્રોલમાં દુશ્મનના સ્પેસ સિસ્ટમ્સને ખોરવવા, નબળા કરવા અને જો જરૂરી હોય તો નાશ કરવા માટે કાઈનેટિક અને નોન-કાઈનેટિક ક્ષમતાઓનો ઉપયોગ શામેલ છે.

અમેરિકાનો તાજેતરનો ખુલાસો એવા સમયે આવ્યો છે જ્યારે વોશિંગ્ટન રશિયા અને ચીનના સ્પેસ પ્રોગ્રામ્સને સંભવિત ખતરા તરીકે જોઈ રહ્યું છે. અમેરિકાએ અગાઉ રશિયા પર અન્ય અવકાશયાન પર હુમલો કરવા માટે સક્ષમ ઉપગ્રહ તૈનાત કરવાનો આરોપ મૂક્યો છે, જ્યારે અમેરિકી અધિકારીઓએ ચેતવણી આપી છે કે ચીન તેના સૈન્ય આધુનિકીકરણના ભાગરૂપે કાઉન્ટરસ્પેસ ક્ષમતાઓ વિકસાવી રહ્યું છે. આક્રમક અવકાશી શસ્ત્રોનું આગમન યુદ્ધના સ્વરૂપને મૂળભૂત રીતે બદલી શકે છે કારણ કે મોટા સંઘર્ષમાં પહેલી લડાઈ હવે જમીન, સમુદ્ર કે હવામાં શરૂ નહીં થાય. તે પૃથ્વીથી સેંકડો કે હજારો કિલોમીટર ઉપર શરૂ થઈ શકે છે, જ્યાં દેશો આધુનિક યુદ્ધને શક્ય બનાવતા ઉપગ્રહોને નષ્ટ કરવાનો પ્રયાસ કરશે. સૈન્ય માટે, અવકાશ હવે માત્ર કામગીરી કરવાનું સ્થળ નથી રહ્યું, પરંતુ એક એવું ક્ષેત્ર બની રહ્યું છે જેના પર નિયંત્રણ મેળવવું જરૂરી છે. અવકાશનું સૈન્યીકરણ કરવાની વાત એટલી જ જૂની છે જેટલી 'સ્પેસ રેસ' જૂની છેક 1957માં જેવું સ્પુટનિક લોન્ચ થયું, કે અમેરિકા અને રશિયાએ ઉપગ્રહોને સશસ્ત્ર કરવા અને નષ્ટ કરવા બંનેના રસ્તાઓ શોધવાનું શરૂ કરી દીધું હતું. સૌથી મોટી ચિંતા એક સમયે અવકાશમાં પરમાણુ શસ્ત્રો અંગેની હતી, પરંતુ સદભાગ્યે મહાસત્તાઓ અને અન્ય દેશોએ 1967માં આઉટર સ્પેસ સંધિ પર હસ્તાક્ષર કર્યા, જેણે ભ્રમણ કક્ષામાં સામૂહિક વિનાશના શસ્ત્રો પર પ્રતિબંધ મૂક્યો. 1967ની આઉટર સ્પેસ સંધિ કક્ષામાં સામૂહિ વિનાશના શસ્ત્રો, જે સામાન્ય રીતે અણુ શસ્ત્રો હોઈ શકે તેમના ગોઠવવા પર પ્રતિબંધ મૂકે છે, પરંતુ તે અવકાશમાં તમામ પરંપરાગત શસ્ત્રો અથવા લશ્કરી પ્રણાલીઓ પર પ્રતિબંધ મૂકતી નથી. તેનાથી દેશોને સંધિના મુખ્ય પ્રતિબંધનો ટેકનીકલી ભંગ કર્યા વિના ઉપગ્રહોને નિશાન બનાવી શકે તેવી સિસ્ટમ વિકસાવવાની તક મળી જાય છે. ત્યારથી, અમેરિકા, રશિયા, ચીન જેવા વૈશ્વિક બળો સંધિની બહાર રહેલી ક્ષમતાઓ વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. હવે અમેરિકાએ પોતે અવકાશમાં શસ્ત્ર ગોઠવ્યું હોવાની કબૂલાત કે જાહેરાત કરી દીધી છે તેથી અવકાશમાં શસ્ત્રો ગોઠવવાની હરિફાઈ શરૂ થઈ જવા અંગેની ચિંતાઓ ઉભી થઈ રહી છે.

દૂધના વાસણમાં પડેલા બે દેડકા

ચાર્જીંગ પોઈન્ટ

હેતા ભૂષણ

બે દેડકા ખેતરમાં રહેતા હતા. એક દિવસ તેઓ રમતાં રમતાં એક ખેડૂતના ઘરમાં પહોંચી ગયા અને કૂદતાં કૂદતાં દૂધની મલાઈથી ભરેલા મોટા વાસણમાં પડી ગયા. વાસણ બહુ ઊંડું અને દૂધથી ભરેલું હતું એટલે ચીકણી લપસણી સપાટી હતી – એટલે દેડકાઓએ કૂદી કૂદીને સપાટીને પકડીને બહાર નીકળવાનો બહુ પ્રયાસ કર્યો પણ તેઓ નીચે જ સરકી જતા હતા. એવું લાગ્યું કે જાણે આ વાસણમાંથી ક્યારેય બહાર નીકળી જ નહીં શકાય. બંને દેડકાઓ બહાર નીકળવાનો પ્રયત્ન કરી કરીને થાક્યા હતા. પહેલા દેડકાએ વિચાર્યું, 'આમાંથી બહાર નીકળવું અશક્ય છે.' તેણે થાકીને પ્રયત્નો છોડી દીધા એટલે તે દૂધમાં પડી ગયો. થોડી વાર તરફડ્યો અને મનથી હાર માની લીધી એટલે ડૂબી ગયો.

બીજો દેડકો થાક્યો હતો પણ હાર માનવા તૈયાર ન હતો. તેણે વિચાર્યું, 'હું પ્રયત્નો છોડીશ નહિ અને ડૂબીને મરીશ નહિ, પછી ભલે ગમે તે થાય' અને આમ વિચારી થાક્યો હોવા છતાં મન મક્કમ કરી તેણે સતત દૂધમાં પગ મારવાનું ચાલુ રાખ્યું. થાકેલો હોવા છતાં કલાકો સુધી તે દૂધમાં પગ મારતો જ રહ્યો અને તરતો રહ્યો.

ધીરે ધીરે, તેના સતત પગ મારવાથી મલાઈ ઘૂંટાઈને માખણમાં ફેરવાઈ ગઈ અને માખણનો ગોળો બનીને ઉપર તરવા લાગ્યો અને એ માખણના ગોળાનો ટેકો લઈને તેની પર ઊભા રહીને, દેડકો કૂદીને વાસણમાંથી બહાર નીકળી ગયો અને બચી ગયો.

આ બે દેડકાની વાર્તા જીવનની એક સુંદર ફિલસૂફી સમજાવે છે કે જીવનમાં જ્યારે જયારે અઘરી પરિસ્થિતિ નિર્માણ થાય અને તેમાંથી જીતીને બહાર નીકળવું અશક્ય લાગે, ત્યારે પણ પ્રયત્ન કરવાનું ચાલુ રાખો. થાકીને નિરાશ થઈએ તો હાર અચૂક થાય છે પણ જો થાક્યા હોવા છતાં આશા ન છોડીએ અને પ્રયત્નો ચાલુ જ રાખીએ તો તમારો સતત સંઘર્ષ જ તમારા બચાવનો રસ્તો બનાવે છે અને નવા રસ્તા ખૂલે છે.

જીવનની મુશ્કેલ પરિસ્થિતિમાં જો એમ સ્વીકારી લઈએ કે હવે કંઈ જ કરવું શક્ય નથી તો આમ હાર માનવી સૌથી સહેલી પણ સૌથી ખોટી પસંદગી હોય છે અને જીવનની મુશ્કેલ પરિસ્થિતિમાં હારનો સ્વીકાર કર્યા વિના સતત લડતાં રહેવું અઘરી પસંદગી છે પણ તે હાર માન્યા વિના સતત લડતાં રહેવાનો સંઘર્ષ જોમ અપાવે છે.

બ્રિક્સની વાત ખેતરથી રસોડા સુધી

કહેવાની વાત

નેહા શાહ

સામાન્ય માણસ, ખેડૂત, પર્યાવરણ અને સમાનતાને તેમાં કેટલી જગ્યા મળે છે, એ જ નક્કી કરશે કે બ્રિક્સની નવી દિશા ખરેખર કેટલી નવી છે

તાજેતરમાં ભારતની યજમાની હેઠળ દિલ્હીમાં બ્રિક્સ સમિટ પૂર્ણ થઈ. બ્રિક્સમાં મૂળ બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા એમ પાંચ દેશો હતા. અન્ય છ દેશોના જોડાયા બાદ અગિયાર દેશોની આ પહેલી પરિષદ હતી, જેમાં સંયુક્ત ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું. આ અગિયાર દેશોના હિતો અનેક મુદ્દે અલગ છે. સાઉદી અરેબિયા, યુએઈ અને ઈરાન જેવા દેશો વચ્ચે પ્રાદેશિક તણાવ છે, જ્યારે ભારત અને ચીન વચ્ચે પણ લાંબા સમયથી મતભેદો છે. છતાં નાણાં, વેપાર, ટેક્નોલોજી, કૃષિ, આરોગ્ય, આબોહવા અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે એકસાથે સંમતિ દર્શાવવી નોંધપાત્ર છે.

ઘોષણાપત્રમાં ગ્લોબલ સાઉથના દેશોને વૈશ્વિક નિર્ણયપ્રક્રિયામાં વધુ પ્રતિનિધિત્વ આપવાની તથા વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂકાયો છે. ભારત માટે યજમાન દેશ તરીકે વિવિધ હિતો ધરાવતા દેશોને એક મંચ પર લાવવાની મુત્સદ્દીગીરીનું આ એક પાસું ગણાય.

પરંતુ બ્રિક્સ સમિટની સૌથી સામાન્ય માણસ સાથે જોડાયેલી ચર્ચા કૃષિ અને ખાદ્ય સુરક્ષાની છે. બ્રિક્સ દેશો વિશ્વના ખાદ્ય ઉત્પાદનમાં મોટો હિસ્સો ધરાવે છે. બીજી તરફ દાળ, ચોખા અને શાકભાજીના ભાવ વધે ત્યારે તેની સીધી અસર ઘરનાં બજેટ પર પડે છે. ખેડૂત માટે ખાતર અને ખેતીના ખર્ચમાં વધારો થાય છે, જ્યારે વરસાદની અનિશ્ચિતતા, અતિવૃષ્ટિ અને દુષ્કાળ જેવી સમસ્યાઓ સતત પડકાર બની રહે છે. દુનિયાના કોઈ એક ખૂણામાં યુદ્ધ થાય તો પણ તેલ, ખાતર અને અનાજના ભાવમાં તેની અસર જોવા મળે છે.

આથી બ્રિક્સ દ્વારા ખાદ્ય સુરક્ષા અને ખેતીને અપાયેલું મહત્ત્વ મહત્વનું છે. ઘોષણાપત્રમાં નાના ખેડૂતો, પશુપાલકો, માછીમારો, સ્થાનિક સમુદાયો, મહિલાઓ અને યુવાનોને ખાદ્ય વ્યવસ્થાના મહત્વના ભાગીદાર તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ખેતીની નીતિ બનાવતી વખતે ખેતરમાં વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરતા લોકોનો અવાજ સંભળાય તે જરૂરી છે.

આબોહવા પરિવર્તન સામે ટકી શકે તેવી ટેક્નોલોજી, ખેડૂતો વચ્ચે જ્ઞાનની આપ-લે અને બીજ સંબંધિત અધિકારો તથા પરંપરાગત જ્ઞાનના સંરક્ષણ માટે બ્રિક્સ દેશો વચ્ચે સહકારની વાત પણ થઈ છે. ખેડૂતો માટે BRICS AGRIN જેવા સહયોગી નેટવર્કની ચર્ચા અને અનાજના વેપાર માટે BRICS Grain Exchange ઊભું કરવાની યોજના પણ આ દિશામાં મહત્વની છે. તેનો હેતુ અનાજના ભાવમાં અચાનક થતી ઊથલપાથલ અને પુરવઠાની સમસ્યાઓ સામે પરસ્પર સહકાર વધારવાનો છે.

પરંતુ અહીં સાવચેતી પણ જરૂરી છે. આવા પ્લેટફોર્મ પર જો મોટા વેપારીઓ અને નાણાકીય શક્તિઓનું વર્ચસ્વ વધે તો નાના ખેડૂતોની સ્થિતિમાં ખાસ ફેરફાર નહીં થાય. પશ્ચિમી આર્થિક પ્રભુત્વનો વિકલ્પ બનવાની વાત કરતી બ્રિક્સ વ્યવસ્થા પોતાના સભ્ય દેશોમાં કુદરતી સંસાધનો પર વધતું દબાણ, મોટા કોર્પોરેટ જૂથોનું વર્ચસ્વ, સેવાઓનું ખાનગીકરણ અને નાણાકીય બજારોને મળતું વધતું મહત્ત્વ જેવા પ્રશ્નોથી પણ ઘેરાયેલી છે.

ઘોષણાપત્રમાં ગરીબી અને અસમાનતાને વૈશ્વિક વિકાસના મોટા પડકારો ગણાવવામાં આવ્યા છે. પરંતુ સવાલ એ પણ છે કે બ્રિક્સના સભ્ય દેશોમાં વિકાસનો લાભ કોને મળે છે? સંપત્તિ અને શક્તિ થોડા મોટા ખેલાડીઓ પાસે કેન્દ્રિત થતી હોય તો વૈશ્વિક વ્યવસ્થામાં પરિવર્તનની વાત અધૂરી રહે છે.

આ સાથે શાંતિનો પ્રશ્ન પણ એટલો જ મહત્વનો છે. યુદ્ધનો ખર્ચ માત્ર બોમ્બ અને સૈનિકો પૂરતો નથી. અબજો રૂપિયાનો લશ્કરી ખર્ચ થાય છે, જ્યારે કરોડો લોકો ખોરાક, આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા જેવી મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કરે છે. બ્રિક્સે વધતા લશ્કરી ખર્ચ અંગે ચિંતા વ્યક્ત કરી અને સંઘર્ષોનું શાંતિપૂર્ણ નિરાકરણ જરૂરી ગણાવ્યું છે.

આખરે, માત્ર ઘોષણાઓથી દુનિયા બદલાતી નથી. બ્રિક્સની વાસ્તવિક કસોટી હવે શરૂ થાય છે. જૂની વૈશ્વિક વ્યવસ્થાનો વિકલ્પ ઊભો કરતી વખતે સામાન્ય માણસ, ખેડૂત, પર્યાવરણ અને સમાનતાને તેમાં કેટલી જગ્યા મળે છે, એ જ નક્કી કરશે કે બ્રિક્સની નવી દિશા ખરેખર કેટલી નવી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભારતમાં શ્રમિક સુરક્ષાના નામે આખરે કેમ સાવ જ ઘુપ્પલ ચાલે છે?

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

ઘણાં એવું માને છે કે ખાનગીકરણ થવાથી ભારતની બધી જ સમસ્યા ઉકલી જશે પણ ના, ખાનગીકરણની સફળતાનો આધાર ખરીદશક્તિ અને બજારની સગવડો પર રહેલો છે

ભારત ઝડપથી વિકસી રહેલા દેશોમાં અગ્રેસર છે. ઉદારીકરણ અને ખાનગીકરણ પછી ભારતમાં બજારવૈવિધ્ય વધ્યું છે. વિદેશી મૂડીરોકાણ અને મૂડીવાદી પરિબળોથી અસર પામીને ભૌતિક રાષ્ટ્રીય આવક પણ વધી છે.જો કે વહેંચણી પ્રશ્નો ત્યાંના ત્યાં જ છે છતાં ભારત વિકસી રહ્યો છે તેમ કહેવામાં વાંધો નથી. હા, વિકસી ગયો છે તેમ કહેવું ઉતાવળિયું છે.

કોઈ પણ દેશે પોતાની પ્રગતિનું સતત મૂલ્યાંકન કરતાં રહેવું જોઈએ,મૂલ્યાંકનના બે પ્રકાર છે. એક આપણે આપણી જાત સાથે તુલના કરવાની અને બીજી તુલના અન્યની સરખામણીમાં આપણે ક્યાં છીએ તે જોવાનું. ભારત આઝાદ થયા સમયે શું હતું અને અત્યારે શું છે? તથા ભારત અન્ય વિકસિત દેશોની તુલનામાં ક્યાં છે? યાદ રહે, રીવર ફ્રન્ટ કે બુલેટ ટ્રેન કે મેટ્રો રેલ એ તો પ્રતીકો છે. એના દ્વારા આપણને એવું સમજાવવામાં આવી રહ્યું છે કે આપણે વિકાસ કરી રહ્યા છીએ પણ દુનિયા આ ઘટનાઓથી આપણને વિકસિત માનવાની નથી કારણકે આ જ દુનિયા સામે એ સમાચાર પણ છે કે ભારતમાં માટી ખોદતાં મજૂર દટાયાં અને મૃત્યુ પામ્યાં. ગટર સાફ કરવા મજૂર ઊતર્યાં અને મૃત્યુ પામ્યાં. વીજ કર્મચારીઓ વીજળીનો કરંટ લાગવાથી મોતને ભેટ્યાં.

ભારતમાં અત્યારે પોલીસી પેરાલીસીસ ચાલે છે. આપણે મોટી મોટી વાતો પર ધ્યાન આપીએ છીએ અને રોજિંદી,પાયાની વાતો ભુલાઈ જાય છે. આધુનિકીકરણ અને ઉદારીકરણ સાથે ખાનગીકરણ થયું. ઘણાં એવું માને છે કે ખાનગીકરણ થવાથી ભારતની બધી જ સમસ્યા ઉકલી જશે પણ ના, ખાનગીકરણની સફળતાનો આધાર ખરીદશક્તિ અને બજારની સગવડો પર રહેલો છે. બજારમાં આવેલો ઉત્પાદક નફામાં તે કામ કરે છે અને ખર્ચ ઘટાડવા તે શોષણ પણ કરે છે. આ સમયે જાગૃત રાજ્ય વ્યવસ્થાનું કામ છે કે તે કાયદાનું પાલન કરાવે. કમનસીબે ખાનગીકરણની લાહ્યમાં અને મૂડીરોકાણની દોડમાં આપણી સરકારો અને વહીવટી તંત્ર લેખિત કાયદાનું પણ પાલન થાય તે જોતી નથી. હવે ખરેખર સરકારે કડક રીતે શ્રમિક કાયદાઓનું કડક રીતે પાલન કરવું જરૂરી બન્યું છે.

થોડાક કિસ્સાઓ યાદ કરો. ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થયો અને કામદારો માર્યા ગયા હતા. જી. આઈ. ડી. સી. માં બોઈલર ફાટવાથી કેટલા અકસ્માત થયા. પાટનગરમાં બિલ્ડીંગ બનતી હતી ત્યાં ક્રેન તૂટી પડી. સુરતમાં પણ અકસ્માત થયો.

આવું જ મોટાં શહેરોમાં બનતાં મોટાં બિલ્ડીંગોમાં બને છે. આજે બહુમાળી બિલ્ડીંગોમાં ભોંયરું પણ બનાવાય છે. જમીનથી નીચે પણ દુકાનો હોય છે માટે જમીનમાં મોટાં ખોદકામ કરવાં પડે છે. આ ખોદકામ દરમિયાન અનેક વાર માટી ધસી પડતાં મજૂર દટાય છે. આટલા આટલા અકસ્માતો અને મોત થયા પછી પણ હજુ આ ખોદકામ દરમિયાન સેફટી માટેનો કાયદો ઘડાયો નથી અને જવાબદારી નક્કી થઈ નથી, તો સૌથી દુઃખદ એવી વાત એટલે ગટરમાં ઊતરેલા સફાઈ કામદારનું ગૂંગળાઈ જવાથી મોત.ભારતને હજુ પછાત ટેકનોલોજીવાળો દેશ કહેવા માટે આ ઘટના પૂરતી છે. ગમે એટલા બુલેટ ટ્રેનના ફાંકા મારો પણ મજૂરને જ્યાં સુધી ગટરમાં ઊતરી ગૂંગળાવું પડે છે ત્યાં સુધી આપણે ખરો વિકાસ કર્યો નથી.

ભારતની રોજ સવાર પડે

અમેરિકા સાથે તુલના કરનારા આ બાબતમાં કેમ તુલના નથી કરતા? અરે, આપણે છેક અમેરિકા સુધી જવાની જરૂર નથી. આપણે જેને બહુ ગણતા નથી એવા સાઉદી આરબના દેશોમાં પણ શ્રમિક કાયદા અને ખાસ તો વર્કર સેફ્ટીના કડક કાયદા છે અને માટે જ અનેક ભારતીયો સેફ્ટી અધિકારી તરીકે આ દેશોમાં નોકરી કરે છે.

ભારતમાં મૂડીપતિઓના લાભાર્થે અનેક શ્રમિક કાયદા બદલાયા છે પણ આ વર્ક સેફ્ટીના કાયદા બદલાતા નથી.

બાકી, ખરેખર તો દરેક કામની સાઈટ ઉપર એક નક્કી શ્રમિક સેફ્ટી મેનેજર હોવો જોઈએ અને બાંધકામ હોય, ખોદકામ હોય, રસ્તા કે પુલનું નિર્માણ કરવાનું હોય, ચોક્કસ નિયમોનું પાલન થવું જોઈએ. અત્યારે જયારે તમામ કામ કોન્ટ્રાકટથી થાય છે ત્યારે કામે આવતાં મજૂરો, તેમાં રહેલી મહિલાઓ અને તેમની પાયાની જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ. કામના સ્થળે પાયાની સુવિધાઓનું મળવું ખૂબ જરૂરી છે અને આકસ્મિક સંજોગોમાં આ શ્રમિકોને તત્કાળ રાહત મળે તે જોવાવું જોઈએ.

આપણે ખાનગીકરણ અને ઉદારીકરણ બાદનાં વર્ષોમાં માત્ર મૂડીરોકાણના કાયદા જ હળવા કર્યા પણ સાથે સાથે ખાનગી ક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોનું પણ હિત જળવાઈ રહે તે જરૂરી છે. સરકાર આ બાબતે કાયદા સુધારે ને અમલમાં કડકાઈ બતાવે તો જ ગરીબો ખાસ તો મહેનત કરીને પેટ ભરનારાનું હિત જળવાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

'ગુજરાતમિત્ર'ને શુભેચ્છા

સુરતના પ્રામાણિક અને નીડર અરદેશર તાલિયારખાન નામના પારસી પત્રકારે તા. ૧૩.૯.૧૮૬૩ના રોજ "સુરત મિત્ર "નામે દર રવિવારે છાપું પ્રકટ કર્યું. આ પત્રને લોકોનો પ્રતિસાદ સારો મળ્યો અને તેને એક જ વર્ષમાં નામ બદલીને આ સમાચારપત્રને " ગુજરાત મિત્ર" એવું નામ આપવામાં આવ્યું.આ અખબારમાં અંગ્રેજી અને ગુજરાતી એમ બે વિભાગોમાં સમાચાર છપાતા હતા. પાછળથી 'ગુજરાતમિત્ર' દૈનિક થયું હતું અને ત્યાર બાદ ગુજરાત દર્પણ પણ સાથે જોડાયું. દિનશાજીએ પોતાની નાદુરસ્ત તબિયતને કારણે મંછારામ ઘેલાભાઈ અને કીકાભાઈ પરભુભાઈ અને અન્ય ૧૪ વ્યક્તિની કંપનીને વેચી દીધું હતું. ત્યાર બાદ માલિકો બદલાતા ગયા અને છેવટે ઉત્તમરામ રેશમવાલાએ ખરીદી લીધું. હાલ 'ગુજરાતમિત્રે' તેની ૧૬૪મી વર્ષગાંઠ ઉજવી તે આપણા સૌ ગુજરાતીઓ માટે ગૌરવની બાબત છે. આટલું જુનું અખબાર આજના એ.આઈ. યુગમાં પણ પ્રકાશિત થઈ રહ્યું છે તે બદલ તેમના સંચાલકો ,તંત્રી શ્રી અને અન્ય કર્મચારી મંડળને ખૂબ ખૂબ અભિનંદન. આજના સ્પર્ધાત્મક યુગમાં લોકપ્રિયતા ટકાવી રાખવી તે ખૂબ આનંદની વાત છે. અખબાર નવાં નવાં શિખરો સર કરે એવી હાર્દિક શુભેચ્છા.

નવસારી -હિતેન્દ્ર ટેલર

વક્તા જ્યારે બક્તા બની જાય છે ત્યારે

કોઈ પણ જાહેર કાર્યક્રમ નિર્ધારિત સમયે નિર્ધારિત હેતુસર પૂર્ણ થાય એવું જવલ્લે જ બને છે.સરકારી કાર્યક્રમોમાં શાસકોની વાહવાહીનો સૂર મુખ્ય હોય છે, એમાં સમયભાન અને વિવેકભાન વગર પરાણે ભેગાં કરાયેલાં શ્રોતાઓ સમક્ષ વાણીવિલાસ વહેવડાવાય છે.સાહિત્યિક કાર્યક્રમમાં પણ હવે સાહિત્યકારોની જૂથબંધી વર્તાઈ આવે છે, એમાં પણ મંચસ્થ સાહિત્યકારો પોતાની વિદ્વત્તા બતાવવા ક્યારેક ચડસાચડસીએ ચડી જઈ હું વધારે ઊંડા સંદર્ભો સાથે વધારે લાંબુ બોલી શકું છું તેવું સાબિત કરવાની લાયમાં સમયભાન ભૂલી જતા હોય છે અને શ્રોતાઓનો સમય વેડફી નાખે છે.કેટલાક સમારંભમાં તો મંચસ્થ મહાનુભાવો વિષયને ચાતરીને પોતાને જે બોલવું હોય તે જ બોલે છે, આવા સમયે શ્રોતાઓની સ્થિતિ કફોડી બનતી હોય છે.કેટલાક કાર્યક્રમોમાં કાર્યક્રમના સંચાલક કે જેને હવે મંચ સારથિ કે સૂત્રધાર જેવા રૂપાળાં સંબોધનો મળતાં થયાં છે, તેઓ વક્તાઓ કરતાં વધારે સમય લઈને પોતાની વિદ્વત્તા સાબિત કરવા સંદર્ભ વગરની શેરોશાયરી અને પ્રસંગકથાઓ ઠપકારતા હોય છે.સરવાળે કાર્યક્રમ સમયસર પૂરો થતો નથી.કાર્યક્રમના આયોજકોએ સમયસર કાર્યક્રમ શરૂ થાય એવો આગ્રહ રાખી વક્તાઓ અને સંચાલકોને પણ યોગ્ય સમયપાલન માટે આગોતરી સૂચના આપી તેનું સજ્જડ પાલન થાય તેની કાળજી લેવી જોઈએ. જેથી કરીને શ્રોતાઓનો કિંમતી સમય નહીં વેડફાય.

સુરત - પ્રકાશ પરમાર

વેલકમ ગણપતિ બાપા

સુરત શહેરની સોસાયટીમાં, મેન રોડ તથા કેટલાંક ઘરોમાં પણ ગણપતિ બાપાની મૂર્તિઓની સ્થાપના સુંદર આકર્ષિત મંડપમાં તથા શેરી શણગાર સાથે પૂર્ણ થઈ છે.દસ દિવસ ચાલનારા આ મહા ઉત્સવમાં ઘણા આયોજકોએ, પ્રજા-ઉપયોગી સમાજસેવા કાર્યક્રમમાં /કેમ્પ, જેવા કે હેલ્થ ચેકઅપ, બ્લડ ડોનેશન વિગેરેના આયોજનની જાહેરાત કરી છે. પરંતુ આ ઉત્સવની ઉજવણી દરમિયાન નીચે મુજબનાં સૂચનોનો પ્રજાજન ખાસ અમલ કરે એવી આગ્રહભરી વિનંતી છે.

1 પ્લાસ્ટિક બોટલ તથા અન્ય પ્લાસ્ટિકની વસ્તુઓના યોગ્ય નિકાલ માટે ડસ્ટબિન જરૂર રાખે. આપણે સૌ તેનો ઉપયોગ કરી શહેરી વિસ્તારને ચોખ્ખો રાખીએ, જેથી આપણા સૌની સ્વસ્થતા જળવાઈ રહે.

2 Health is વેલ્થ, આ અભિયાનને લગતા યોગ્ય બેનર્સ પણ આયોજકો મંડળોમાં આજુબાજુ જરૂર મૂકી શકે.

3 વરસાદની મોસમ પણ પૂરબહારમાં છે. આથી બને એટલા ઈલેક્ટ્રિકલ ડેકોરેશન ઓછા પેટાવે જેથી લોડ-બેરિંગના કારણે શોર્ટ સર્કિટનો ભય ન રહે, જેથી આગ લાગવાની સંભાવના ન રહે.

મોટા મોટા મંડપોમાં મોટી મૂર્તિ જોવા ઘણી લાંબી લાઈન રહે છે. આ અંગે આયોજકો પૂરતા હોમગાર્ડ/ સ્વયંસેવકોના તથા પાર્કિંગની વ્યવસ્થા અચૂક કરે જેથી ટ્રાફિક સમસ્યા નિવારી શકાય.અંતમાં મંડપના લાઉડ સ્પીકર ધીમા અવાજમાં રાખે જેથી ત્યાં રહેતાં લોકોની માનસિક શાંતિનો ભંગ ન થાય. આ અંગે પોલીસ કમિશનરના જાહેરનામાનો 100% અમલ કરે.

સુરત - દીપક બી. દલાલ

દેશને લૂંટનારાઓ સામે કાર્યવાહી જરૂરી

દેશમાં કાયદો છે તેનો વિશ્વાસ કેવી રીતે બેસે? જ્યારે ભ્રષ્ટાચારી પકડાય ત્યારે!આજે દેશ પાસે તટસ્થ એજન્સીઓ છે. CBI મોટા કૌભાંડોની તપાસ કરે છે. ED કાળાં નાણાં અને મની લોન્ડરિંગ પકડે છે. IT વિભાગ બેનામી સંપત્તિનો હિસાબ લે છે. DRI દાણચોરી અને ડ્રગ્સની હેરાફેરી રોકે છે. Vigilance અને ACB સરકારી કચેરીમાં લાંચ પકડે છે! આ ઉપરાંત NIA આતંકવાદ સામે, NCB ડ્રગ્સ માફિયા સામે, SFIO કંપનીઓના ફ્રોડ સામે અને DGGI GST ચોરી સામે લડે છે! આ તમામ એજન્સીઓ લોકહિત માટે છે. તેમની કાર્યવાહી કોઈ પક્ષ માટે નહીં, દેશ માટે હોવી જોઈએ. જે પણ લૂંટે, પછી તે ગમે તેટલો મોટો હોય, તેને છોડવો ન જોઈએ! જો આ એજન્સીઓને સંપૂર્ણ સ્વતંત્રતા અને શક્તિ આપવામાં આવે તો ભ્રષ્ટાચાર ૫૦% ઘટી જશે. ગરીબ માણસને તેનો હક મળશે. યુવાનોને નશાથી બચાવી શકાશે! એ માટે સરકારને નમ્ર વિનંતી છે કે, આ એજન્સીઓને વધુ મજબૂત બનાવો અને પ્રામાણિક અધિકારીઓને રક્ષણ આપો!

સુરત- સુનીલ રાજેન્દ્ર બર્મન

જીડીપીના દરમાં વધારાનો દાવો અને જમીની હકીકત

થોડા દિવસ પહેલાં જાહેર થયેલા દેશના ૭.૮ ટકાના જીડીપી દરને લઈને સરકાર દ્વારા ખુશાલી વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત થઈ રહ્યો છે. જોકે, રિઝર્વ બેન્કના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજન સહિત કેટલાક અર્થશાસ્ત્રીઓએ આ જીડીપીના આંકડા અંગે સવાલો ઉઠાવ્યા છે. ખરેખર આ દરમાં કેટલું તથ્ય છે તે તો દેશની જમીની હકીકત જ બતાવશે.

સામાન્ય નાગરિક માટે જીડીપીના આંકડા કરતાં રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ ઘટ્યા કે નહીં તે વધુ મહત્ત્વનું છે. દેશની આર્થિક પ્રગતિનો લાભ કોને મળ્યો અને સામાન્ય લોકો સુધી કેમ પહોંચતો નથી, તે સવાલ પણ એટલો જ મહત્વનો છે. કેટલા શિક્ષિત યુવાનોને નવી નોકરી મળી? બેરોજગારીમાં કેટલો ઘટાડો થયો? લોકોની વાસ્તવિક આવકમાં વધારો થયો કે નહીં? ગરીબીમાંથી કેટલા લોકો બહાર આવ્યા? સરકારના અનાજ પર નિર્ભર લોકોની સંખ્યામાં ઘટાડો થયો કે નહીં? ખેતમજૂરો માટે અન્ય ક્ષેત્રોમાં રોજગારની તકો વધી કે નહીં?

એક તરફ કરોડપતિઓની સંખ્યા વધતી હોવાના અહેવાલો આવે છે, ત્યારે બીજી તરફ મોંઘવારી અને બેરોજગારીથી પરેશાન લોકોના આ સવાલોના જવાબ જરૂરી છે. તેથી જીડીપીના આંકડા સાથે જમીની સ્થિતિનું મૂલ્યાંકન પણ થવું જોઈએ.

સુરત - હિતેન્દ્ર ભટ્ટ